Regd. No. GNR/65-G0



**પ્રિ. મોન્સુન એક્ટીવીટીને પગલે ગાંધીનગર-માણસા પંથકમાં વરસાદ**

# શહેરમાં નરેન્દ્ર મોદીના રેત શિલ્પ સાથે યોગ દિવસનો વિશાળ લોગો બનાવાયો

**કુડાસણ ખાતેની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ૫૦૦ વિદ્યાર્થીઓએ યોગ દિવસના લોગોની પ્રતિકૃતિ બનાવી : નરેન્દ્ર મોદીના પદ્માસન મુદ્રામાં બનાવાયેલા રેત સિલ્પને તૈયાર કરતા પાંચ કલાક લાગ્યા**



ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના કુડાસણમાં સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વિશ્વ યોગ દિવસ નિમિત્તે વડાપ્રધાન રેન્દ્ર મોદીનું રેત શિલ્પ તૈયાર કરવામાં આવ્યું છે. આ સાથે શાળાના ૫૦૦ બાળકોએ વિશ્વ યોગ દિનનો ઓફિશિયલ લાઈવ લોગો બનાવી યોગ દિનના મહત્વને અંકિત કર્યું હતું.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસો થકી તા. ૨૧મી જૂનને વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાનના આ પ્રસંશનીય પ્રયાસને ગાંધીનગરના કુડાસણ ખાતેની સ્વામીનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના કલાશિક્ષકો રિશી બાપોદરા તથા યોગેશ પટેલ દ્વારા પાંચ કલાકની મહેનતના અંતે નરેન્દ્ર મોદીનું રેતશિલ્પ તૈયાર કરવામાં આવ્યું છે.

આ સાથે શાળાના ૫૦૦ વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ યોગ દિવસના ઓફિશિયલ લોગોની વિશાળ પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી. આવતીકાલે વિશ્વ યોગ દિવસની શાળામાં ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. સ્વામીનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના ટ્રસ્ટી શૈલેષભાઈ ઠક્કર તથા સ્પોર્ટસ ટીચર હરેન્દ્રસીંગ ગીલના માર્ગદર્શન હેઠળ બાળકોએ યોગ દિવસનો લોગો તૈયાર થયો હતો.

## પાંચ કલાકની જહેમતે તૈયાર થયુ રેત શિલ્પ

સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રાંગણમાં વિશ્વ યોગ દિન નિમિત્તે એક ટ્રક રેતીના ઉપયોગથી પાંચ કલાકની મહેનતના અંતે શાળાના કલા શિક્ષક રિશી બાપોદરાએ યોગેશ પટેલના સહયોગથી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું પદ્માસન મુદ્રામાં અદ્ભૂત રેતશિલ્પ તૈયાર કર્યું છે. અગાઉ પણ રિશી બાપોદરા શાળામાં ગાંધીજી, સરદાર પટેલ, સ્વામી બાપજી વગેરે મહાનુભાવોના રેતશિલ્પ તૈયાર કરી ચુક્યા છે. નાનપણથી ચિત્ર કલા, વૉલ પેઈન્ટિંગ, રંગોળી વગેરેમાં વિશેષ રૂચિ ધરાવતા રિશી બાપોદરાને આગામી સમયમાં ૫૦ હજાર સ્કેર ફૂટમાં વિશાળ રંગોળી બનાવી ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મેળવવાની તીવ્ર ઝંખના છે અને તે માટે તેઓ તૈયારીઓ કરી રહ્યાં છે.

# શહેરમાં છૂટાછવાયા વરસાદી છાંટા

**આખો દિવસ આકાશ વાદળોથી ગોરંભાયેલુ રહ્યુ : સવારે ક્યાંક છાંટા પડ્યા તો રાત્રે ક્યાંક વરસાદી ઝાપટું પડ્યું : ચોમાસુ શરૂ થવાની આશા જીવંત બની : ભેજના વધુ પ્રમાણથી સખત બફારો**

ગાંધીનગર, તા. ૨૦

ચોમાસાની ઋતુના પ્રારંભની આશા જીવંત બની છે. ગઈકાલે મોડી રાત્રે શહેરમાં કેટલાક સ્થળોએ વરસાદી ઝાંપટા કે છાંટા પડ્યા હતા. આજે પણ આખો દિવસ આકાશ વાદળોથી ગોરંભાયેલુ રહ્યુ હતુ.

અસહ્ય ગરમીનો અનુભવ કર્યા બાદ હવે સારા વરસાદની આશા સૌ કોઈ રાખી રહ્યા છે. ત્યારે વાતાવરણમાં પલ્ટો આવતા વરસાદની આશા જીવંત બની છે. ગઈકાલે આખો દિવસ આકાશ ગોરંભાયેલુ રહ્યુ હતુ. સાંજ પછી કેટલાક સ્થળોએ છાંટા પડવાનું શરૂ થયું હતું.

શહેરમાં કેટલાક સ્થળોએ મોડી રાત્રે ૧૧ વાગ્યા પછી સારૂ એવુ ઝાપટુ પડ્યુ હતુ. લગભગ દસેક મિનિટ સુધી ઝાપટુ પડતા માર્ગો પર વરસાદી પાણી પહેતા નજરે પડ્યા હતા. મોસમનો પ્રથમ વરસાદ પડતાં વસાહતીઓ ખુશખુશાલ થઈ ગયા હતા. જો કે થોડીક જ વારમાં વરસાદ બંધ થઈ જતા બફારાનું આક્રમણ વધ્યુ હતુ.

વસાહતીઓ પરસેવો રેબઝેબ બની ગયા હતા. લઘુત્તમ તાપમાન ૨૯ ડિ.સે. રહેતા બફારો ખુબ અનુભાયો હતો. આજે આખો દિવસ વરસાદ ન પડતાં તાપમાન પુનઃ ૩૯.૭ ડિ.સે. જેટલુ ઉંચુ નોંધાયું હતું. ભેજનું પ્રમાણ સવારે ૭૧ ટકા અને સાંજે ૪૧ ટકા રહ્યુ હતુ.



# પ્રિ. મોન્સુન એક્ટીવીટીને પગલે ગાંધીનગર-માણસા પંથકમાં વરસાદ

**ગાંધીનગરમાં ૨ મિ.મિ. અને માણસામાં ૩ મિ.મિ. વરસાદ નોંધાયો**

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતમાં શરૂ થયેલ પ્રિ.મોન્સુન એક્ટીવીટીને લઈ ગઈકાલે ગાંધીનગર અને માણસા તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જો કે હવામાન ખાતાના કહેવા મુજબ આગામી ૪૮ કલાકમાં ચોમાસુ દક્ષિણ ગુજરાત થઈ ગુજરાતમાં પ્રવેશ કરશે.

હિટવેવ અને ભેજનું પ્રમાણ વધતાં લોકલ કેલેમેટીને લઈ બે થી ત્રણ મિ.મિ. જેટલો છુટો છવાયો વરસાદ થતો હોય છે. જો કે વિધિવત્ ચોમાસુ ૪૮ કલાક પછી ગુજરાતમાં આવે તેવી શક્યતાઓ છે. આજે દ. ગુજરાતના ઘણા બધા વિસ્તારોમાં ૨૦ મિનિ. સુધીનો છુટો છવાયો વરસાદ નોંધાયાના અહેવાલો છે.

ગઈકાલે ગાંધીનગર અને માણસામાં રાત્રે પડેલા વરસાદી ઝાપટાથી ગાંધીનગમાં બે મિ.મિ. અને માણસામાં ૩ મિ.મિ. વરસાદ નોંધાયો છે.

રાત્રે થયેલા વરસાદને કારણે શહેરના કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. લોકો વરસાદને વધાવવા બહાર નીકળ્યા પણ હતા. દરમ્યાન ગઈકાલે થયેલા હળવા વરસાદને પગલે છેલ્લા પંદર દિવસથી બંધ પડેલ વાવણી ખેતર ખેડવાની કામગીરીનો આજથી ખેડૂતોએ પુનઃ પ્રારંભ કરી દીધો છે.

ગઈકાલના હળવા વરસાદને પગલે વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. અને તાપમાનનો પલ્ટો પણ નીચે આવ્યો છે. જો કે આજે દિવસે ગરમી અને સાંજે ઉકળાટનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં ખેડૂતો પુનઃ ખેતીકામમાં જોતરાતાં ગ્રામ્ય વિસ્તારમાં પણ એક નવી આશાનો સંચાર થયો છે. આ વખતે જિલ્લામાં સારૂ વાવેતર થશે તેવી આશા સેવવામાં આવી રહી છે.

## સ્વાઈન ફ્લુ ચોમાસામાં દેખા દેશે તેવી સંભાવનાઓ વચ્ચે તંત્રને એલર્ટ રહેવા આદેશ

ગાંધીનગર, તા. ૨૦

ચોમાસાની સિઝન દરમ્યાન સ્વાઈન ફ્લુ દેખા દે તેવી શક્યતાઓને પગલે રાજ્યના આરોગ્ય તંત્રએ તમામ જિલ્લાઓને સ્વાઈન ફ્લુની દવાનો જથ્થો દવાખાનાઓમાં રાખવા માટેની સૂચનાઓ આપી છે.

હિટવેવ બાદ વરસાદનું આગમન થવાનુ હોવાથી સ્વાઈન ફ્લુની સંભાવનાઓ વધુ દેખાતાં આરોગ્ય તંત્રએ કડક તાકીદ જિલ્લાઓને કરતાં પરિસ્થિતિ પર સતર્ક રહી અને ચાંપતી નજર રાખવા માટે સુચવ્યુ છે.

દરેક સબ સેન્ટર સહિત આરોગ્ય કેન્દ્રો પર ટેમી.ફ્લુ જેવી દવાઓનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવી દેવા માટેની કરાયેલી તાકીદ પછી તંત્ર પણ હરકતમાં આવી ગયું છે. ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસો ગઈ સિઝનમાં નોંધપાત્ર નોંધાયા હતા એટલે તંત્ર આ વખતે વધુ સતર્ક રહી અને પરિસ્થિતિ પર નજર રાખશે. સ્વાઈન ફ્લુ થવા પાછળ હવામાનને પણ કારણભૂત ગણવામાં આવતુ હોવાથી આરોગ્ય તંત્ર આ વખતે વધારે ગંભીર બનેલ છે.મળતી વિગતો મુજબ આરોગ્યતંત્રએ તમામ તબીબી અધિકારીઓને પણ સ્વાઈન ફ્લુની સારવાર અંગે ગાઈડલાઈનની જાણકારી આપવા તેમજ જે ભેજવાળુ વાતાવરણ બનશે તેમાં કેવી તકેદારી રાખી પગલાં લેવા તેની પણ જાણકારી આપવા જણાવાયું છે.

# આગામી ઓગષ્ટમાં ૧૫ લાખ નવસાક્ષરોની ગુજરાતમાં પરીક્ષા લેવાશે

**ગાંધીનગર સહિત ૧૩ જિલ્લામાંથી જ સાત લાખ નવસાક્ષરો પરીક્ષા આપશે સાંસદોના આદર્શ ગામને સંપૂર્ણ સાક્ષર ઘોષિત કરવામાં પણ તંત્રની ઉદાસીનતા**

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજ્યમાં આ વર્ષે ઓગષ્ટ માસમાં સાત લાખથી વધુ નવસાક્ષરોની પરીક્ષા યોજાશે અને આ માટે તંત્રએ તડામાર તૈયારીઓ પણ ચાલુ કરી દીધી છે. આ પરીક્ષામાં ૧૫ લાખ જેટલા પરીક્ષાર્થી હોવાનો અંદાજ છે.

મળતી વિગતો મુજબ રાજ્ય પ્રૌઢ શિક્ષણમાં ઘણુ પાછળ હોવાથી અને કેન્દ્રની વારંવારની કડક તાકીદને પગલે હવે રાજ્ય સરકાર સક્રિય બનેલ છે. આ નવ સાક્ષરોની પરીક્ષા સહિતની બાબતો પર પરામર્શ કરવા માટે છેલ્લા સપ્તાહમાં ઝોનવાર બેઠકોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મળતી વિગતોપ્રમાણે રાજ્યમાં નિરક્ષરોને સાક્ષર કરવા માટે "સરસ્વતીયાત્રા" પ્રોજેક્ટ રાજ્યના ૧૩ જિલ્લાઓમાં ચાલી રહ્યો છે પરંતુ તેના અસરકારક અમલીકરણ માટે તંત્ર દ્વારા ગંભીરતાથી પ્રયાસો થતા નથી તેની ગંભીર નોંધ લઈ રાજ્ય સરકારે આ જિલ્લાઓને કડક તાકીદ કરી છે.


ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ વધે તે માટે હવે સરકાર મેદાનમાં આવી છે અને આગામી બે મહિનામાં ૧૫ લાખ જેટલા નવસાક્ષરોની પરીક્ષાનું આયોજન કરી સાક્ષરતા ક્ષેત્રમાં એક મોટી હરણફાળ ભરવા જઈ રહેલ છે. સરકારે સરસ્વતી યાત્રા સાથે સંકળાયેલ જિલ્લાઓમાંથી સાત લાખ જેટલા નવસાક્ષરોને પરીક્ષા માટે તૈયાર કરવાનો નિર્ણય કર્યો છે.

આ જિલ્લાઓમાં અમદાવાદ, આણંદ, ભરૂચ, ખેડા, નવસારી, ગાંધીનગર, વલસાડ, વદોદરા, તાપી, સુરત, મહેસાણા, રાજકોટ અને પોરબંદરનો સમાવેશ થાય છે.

દરમ્યાન સાંસદોએ જે આદર્શ ગ્રામ તરીકે પસંદ કર્યા છે તેવા ૩૩ ગામોને પણ આ વર્ષના અંત સુધીમાં સંપૂર્ણ સાક્ષર ગ્રામ તરીકે ઘોષિત કરવાનો લક્ષ્યાંક રાખી અને વ્યુહરચના તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે માર્ચ-૨૦૧૬માં આ ગામોને સંપૂર્ણ સાક્ષર ઘોષિત કરવાના હતા અને તે માટે કેન્દ્રીય માનવ સંશાધન મંત્રીએ પત્ર પણ સરકારને પાઠવ્યો હતો. જો કે આમાં વિલંબ થયો છે અને તે માટે તંત્રનું ઉદાસીન વલણ વધુ જવાબદાર હોવાનું સરકારના ધ્યાને આવ્યું છે.

રાજ્યમાં એસ.એસ.સી. બોર્ડ કરતાં ડબલથી પણ વધુ નવસાક્ષરો આ પરીક્ષા આપવાના હોવાથી સરકાર હવે ગંભીર બની આ દિશામાં આગળ વધી રહી હોવાનું જાણવા મળેલ છે.



કોન ચિત્રકાર હે - પ્રકૃતિનું અદભૂત દશ્ય આપણા મનમાં સવાલો ઉભા કરે છે... કે આ અદભૂત કૃતિ કોણે દોરી છે... રંગ કોણે પૂર્યા છે... આના જવાબો માત્ર આંતઃમન જ આપી શકે એમ છે... પરમ તત્વની અદભૂત લીલાના દર્શન એટલે સલુણી સંધ્યાનું દશ્ય... આકાશમાં પથરાયેલા વૈવિધ્યપૂર્ણ રંગોની છાયા નયનરમ્ય બને છે... પરમતત્વના દર્શન આ દશ્યમાં પ્રતિબિંબિત થાય છે... સવાલ દષ્ટિનો છે...

## ૩૦૦૦થી વધારે બાળકો રિવરફ્રન્ટ પર યોગ કરશે

અમદાવાદ,તા.૨૦

આવતીકાલે વિશ્વયોગદિન નિમિત્તે મ્યુનિસિપલ સ્કૂલબોર્ડની શાળામાં ધોરણ-છથી આઠમાં અભ્યાસ કરતા ૩,૦૦૦ બાળકો રિવરફ્રન્ટ ખાતે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની હાજરીમાં યોગના કાર્યક્રમ સવારના સુમારે કરશે એમ મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના ચેરમેન જગદીશ ભાવસારે એક વાતચીતમાં કહ્યું છે.

આ ઉપરાંત શહેરમાં સવારની પાળીની અન્ય મ્યુનિસિપલ શાળાઓમાં પણ બાળકો યોગના કાર્યક્રમ કરશે. દરમિયાન, શહેરમાં આવેલા મુખ્ય બગીચાઓમાં પણ યોગના કાર્યક્રમનું તંત્ર તરફથી આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નાગરિકો પણ ભાગ લેશે.

વિશ્વ યોગ દિવસને લઈને નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. શહેરની શાળા-કૉલેજો ઉપરાંત સોસાયટી, ફ્લેટ વિસ્તારમાં તો નાગરિકોએ યોગની પ્રેક્ટીસ પણ કરી હતી.
















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com